# નખત્રાણા નગરપાલિકા – નખત્રાણા

# :::: ટેન્ડરની શરતો ::::

કોન્ટ્રાકટર ની સહી અને સિકકા
........................... ......

ચીફ ઓફિસર
નગરપાલિકા નખત્રાણા

# નખત્રાણા નગરપાલિકા – નખત્રાણા

## :::: ટેન્ડર ઓફરની જનરલ શરતો ::::

(૧) આ ટેન્ડર પરસન્ટેજ રેઈટ બેઈઝ પર મંગાવામાં આવેલ છે. પરસન્ટેજ રેઈટ ટેન્ડર માં શેડયુલ આઈટમોના ભાવ ટેન્ડર માં આપવામાં આવેલ છે.

(૨) પરસન્ટેજ રેઈટ ટેન્ડર માં શેડયુલ–''બી'' માં કુલ અંદાજીત કિંમત દર્શાવેલ છે. જેમાં ફકત અંદાજીત કિંમત કરતા કેટલા ટકા નીચા/ઉચા ભાવ કે ભાવો ભાવથી કામો રાખવાના છે.તે જ રકમ દર્શાવવી અને અંદાજીત કિંમત સાથે ગણતરી કરી કિમત જણાવવાની રહેશે.

(૩) દરેક આઈટમોના અંદાજીત જથ્થામાં ગમે તેટલો વધારો કે ઘટાડો થઈ શકશે. અને કોઈ આઈટમ સંપૂર્ણપણે રદ થઈ શકશે કે નવી આઈટમ ઉમેરી શકાશે. આમ છતાય આવી આઈટમ કે આઈટમોના જથ્થાના ફેરફાર થી ટેન્ડરમાં બતાવેલ આઈટમ ના ભાવમાં કોઈપણ જાતનો ફેરફાર થશે નહી. કોન્ટ્રાકટરને દરેક લાગુ પડતી આઈટમોની ચુકવવા પાત્ર થતી રકમ કોન્ટ્રાકટ મુજબ સાઈટ પર દેખરેખ થયેલ કામના માપ પરથી ચુકવવામાં આવશે. ટેન્ડરમાં બતાવેલ પરસન્ટેજ રેઈટના બધાજ માલસામાન તથા મજુરીના ખર્ચનો સમાવેશ થઈ જાય છે.અને તે બાબતે કોઈપણ જાતની વધારાની રકમ ચુકવામાં આવશે નહી. નવી ઉમેરેલી આઈટમના ભાવ ટેન્ડરમાં તે પ્રકારની આઈટમોના ભાવ ઉપર થી અથવા તો રેઈટ એનાલીસીસ બનાવી ને તે ઉપરથી અથવા તો ચાલુ બજારના ભાવો ઉપર થી નગરપાલિકા નકકી કરેતે મુજબ ઠરાવવાના રહેશે.

(૪) શેડયુલમાંની કોઈપણ આઈટમ કે આઈટમોના વર્ણન કે જથ્થામાં થયેલી ભુલ કે ક્ષતી ના કારણે આ કોન્ટ્રાકટરનો ભંગ થયો ગણાશે નહી પરંતુ તેને ફેરફાર તરીકે ગણવામાં આવશે.

(૫) આ ટેન્ડર ઓફરની સાથે ટેન્ડરના તથા ચીફ ઓફિસરના સંયુકત નામોની ફીકસ ડિપોઝીટ રસીદ કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકની અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે જોડવાની રહેશે.તેમજ બીલમાંથી ૨.૫૦% મુજબ સીકયોરીટી ડિપોઝીટ કપાત કરવામાં આવશે.તેમજ ૨.૫૦% મંજુર થયેથી દિન–૧૦માં ભરવાની રહેશે.આમ કપાત કરેલ તથા ભરેલ ડિપોઝીટ મળી કુલ ૫.૦૦% સીકયોરીટી ડિપોઝીટને પ્રોજેકટ સંતોષકારક રીતે પુરો થયે કમ્પલીશન સર્ટીફીકેટ મળ્યેથી છ–માસ સુધી નગરપાલિકા માં જમા રાખવાના રહેશે. અને ટેન્ડર મંજુર થયેથી ૫.૦૦% મુજબ પરફોન્સ બોંડ ડીપોઝીટ FDR /બેંક ગેરંટી રૂપે જમા કરવાની રહેશે. જે રકમ સંપૂર્ણ કામ પુર્ણ થાય અને ફાઈનલ બીલના પેમેન્ટ થયા બાદ કમ્પલીશન સર્ટીફીકેટ મળ્યા બાદ છુટી કરવામાં આવશે. તેમજ દરેક બીલ થયેલ કામના આઈટમ રેટ મુજબની ૧૦૦% રકમની ચુકવણી કરવામાં આવશે તેમજ દરેક રનીંગ/ફાઈનલ બીલમાંથી અગાઉ ચુકવેલ પેમેન્ટ બાદ કરવામાં આવશે. તેમજ MGP ની કપાત ૫% ત્રણ વર્ષ સુધી ન.પામાં જમા રાખવામાં આવશે.

(૬) આ કામ માટે એજન્સી દ્વારા સીકયોરીટી ડિપોઝીટ પેટે જો FDR નેશનલાઈજર બેંકની રજુ કરવામાં આવે તો કરાર આ કામની અંદાજીત રકમ ના ૫% મુજબ આવતી રકમ ના ૪.૯૦% મુજબ સ્ટેમ્પ પેપર વાપરવાના રહેશે.

(૭) આ ટેન્ડર ઓફરની કાયદેસરતા ટેન્ડર ખુલ્લા પછીથી ૧૨૦ દિવસ સુધીથી રહેશે.

(૮) ટેન્ડર ઓફર ભરતા પહેલા ટેન્ડર કામના સ્થળની પુરી તપાસ કરીને જમીનના લેવલ જમીનના પ્રકાર ઈલેકટ્રીક પાવર અને પાણી વ્યવસ્થા વિગેરેની સંપૂર્ણ જાણકારી મેળવેલ છે. તેમ માનવામાં આવશે. સાઈટ કન્ડીસનને કારણે ઉદભવે કોઈપણ દાવાને ધ્યાને લેવામાં નહી આવે.

(૯) અધુરી અથવા અસ્પસ્ટ ઓફરે ગેરલાયક ઠરાવી શકાશે.

(૧૦) કોઈપણ કારણ દર્શાવ્યા વિના કોઈપણ એકે કે બધીજ ટેન્ડર ઓફરો રદ કરવાનો કે સ્વીકારવાનો હકક અમોને અબાધીત રાખેલ છે.

(૧૧) પાણી તથા તેને માટે જોઈતી પાઈપ લાઈન તેમજ ઈલેકટ્રીકની તમામ વ્યવસ્થા કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરવાની રહેશે.

કોન્ટ્રાકટર ની સહી અને સિકકા
.................................

ચીફ ઓફિસર
નગરપાલિકા નખત્રાણા

# <u>નખત્રાણા નગરપાલિકા – નખત્રાણા</u>

## :::: કોન્ટ્રાકટરની શરતો ::::

**(૧) સમય મર્યાદાઃ**

અગાઉ જણાવેલ સમય મર્યાદા વર્ક ઓર્ડર આપ્યાની તારીખ થી અમલમાં આવી ગયેલ ગણાશે સમય મર્યાદાએ કોન્ટ્રાકટ ની અગત્ય ની શરત ગણાશે એટલે કોન્ટ્રાકટે આ કામ ઉપરોકત સમય મર્યાદા માં કે તેથી વહેલુ પુરૂ થાય તેવા શકય તમામ પ્રયાસો કરવા જરૂરી છે.

**(૨) સ્પેસીફીકેશનઃ**

કોન્ટ્રાકટરે દરેક કામ સંપૂર્ણપણે સ્પેસીફીકેશન પ્રમાણેજ કરવાના રહેશે નગરપાલિકા વતી કન્સલ્ટીંગ એન્જીનીયરે આપેલ ડિઝાઈને,ડ્રોઈંગ કે સુચનાઓ લેખિત સ્વીકારી ને આવુ કામ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.બધીજ વખતે પી.ડબલ્યુ.ડી. હેન્ડ બુક વોલ્યુમઃ ૧અને ૨ અને ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટયુટ દ્વારા આપેલ સ્ટાન્ડર્ડ સ્પેસીફસીકેશન નો અમલ કરાશે.

**(૩) દસ્તાવેજની ગુપ્તતાઃ**

આ ટેન્ડર ડોકયુમેન્ટમાં આપેલ કોઈપણ જાતના દસ્તાવેજ કે ડ્રોઈંગ નો સીધો કે આડકતરી રીતે ટેન્ડર કે કોન્ટ્રકટરના કામ સીવાય બીજા કોઈપણ હેતુ માટે ઉપયોગ કરવો નહી.

**(૪) આખરી નિર્ણયઃ**

સ્પેસીફસીકેશન,ડ્રોઈંગ,માપ સાઈઝ કામની ગુણવતા આઈટમે રેઈટ,બીલ,કોન્ટ્રાકટરની શરતો,કામનો જથ્થો,કામનો પ્રોગેશ,સમય મર્યાદા,ટેન્ડર શરતોના અર્થ,સ્પષ્ટીકરણ અને મુલ્યાંકન વિગેરે તમામ ટેકનીકલ બાબતો માટે નગરપાલિકાનો નિર્ણય આખરી અને બંને પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

**(૫) પેમેન્ટની શરતોઃ**

(અ) સિકયોરીટી ડીપોઝીટ એજન્સીએ ભાવ મંજુર થયેથી દિન–૧૦માં ૨.૫૦% મુજબ એફ.ડી.આર.સ્વરૂપે ભરવાની રહેશે. તેમજ બીલમાંથી ૨.૫૦% મુજબ કપાત કરવામાં આવશે. આમ કુલ ૫.૦૦% મુજબ ની સિકયોરીટી ડીપોઝીટ ને પ્રોજેકટ પૂર્ણ થયા બાદ કમ્પલીશન સટીર્ફીકેટ મળ્યેથી છ–માસ માટે નગરપાલિકામાં વગર વ્યાજે જમા રાખવામાં આવશે. અને ટેન્ડર મંજુર થયેથી ૫.૦૦% મુજબ પરર્ફોમન્સ બોન્ડ ડીપોઝીટ એફ.ડી.આર/બેંક ગેરેંટી રૂપે જમા કરવાની રહેશે. જે રકમ સંપૂર્ણ કામ પૂર્ણ થાય અને ફાઈનલ બિલના પેમેન્ટ થયા બાદ કમ્પલીશન સટીર્ફીકેટ મળ્યાબાદ છુટી કરવામાં આવશે. કોન્ટ્રાકટર જો પોતાનું કામ અધુરુ છોડે અથવા તો સમય મર્યાદા માં પુરૂ ન કરેતો નગરપાલિકા પોતાના નિર્ણય થી ડીપોઝીટ જપ્ત કરી વસુલ થયેલ ગણાશે.તેમજ MGP કપાત ૫% ત્રણ વર્ષ સુધી ન.પામાં જમા રાખવામાં આવશે.

(બ) દરેક બીલ થયેલ કામો ના આઈટેમ રેટ મુજબ ની રકમ ના ૧૦૦ ટકા રકમ ની ચુકવણી કરવામાં આવશે. તેમજ દરેક રનીંગ બીલ / ફાઈનલ બીલમાથી અગાઉ ચુકવેલ પેમેન્ટ બાદ કરવામા આવશે.

(ક) કોન્ટ્રાકટર ના દરેક રનીંગ /ફાલનલ બિલ તથા કામ પેટે ચુકવણા માંથી સરકારશ્રી ના ધારા ધોરણ મુજબ ઈન્કમટેક્ષ નગરપાલીકા દ્રારા કપાત કરી સરકારશ્રી ના નિયત હેડે ભરસ અુવામાં આવશે. તેમજ ૧% લેબર શેષ કપાત કરવા માં આવશે.

(ડ) મંજુર થયેલા ભાવો ઉપર કોઈપણ સંજોગો માં ભાવ વધારો (પ્રાઈઝ એકસકેલેશન) આપવામાં આવશે નહી.

(ઈ) કોન્ટ્રાકટર દર કેલેન્ડર માસમાં વર્ક પ્રોગેસનું દરેકનું એક અથવા બે–બીલ રજુ કરી શકાશે.

**(૬) પેનલ્ટીઃ**

કોન્ટ્રાકટરને આપેલ સમયમર્યાદા માં કોન્ટ્રાકટર જો સંતોષકારક રીતે કામ પુરૂ ન કરી શકે તો કોન્ટ્રાકટર થતા બીલમાંથી દૈનીક લેખે કોન્ટ્રાકટ વેલ્યુના ૦.૧% મુજબ અને વધુમાં–વધુ ૧૦% મર્યાદા સુધી પેન્લટી નગરપાલિકાના નિર્ણય ઉપર વસુલ

કરવામાં આવશે.આ પેન્લટી ઉપરાંત કામ મોડું પુરૂ કરવાની કે કોન્ટ્રાકટરની ભંગ કરવાથી નગરપાલિકાને થયેલ સીધી ખોટ કે નુકશાનનું વળતર કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે.

**(૭) એકસ્ટ્રા આઈટમો :**

(અ) એકસ્ટ્રા આઈટમો કે એકસ્ટ્રા કામો માટેના રેઈટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ/પી.ડબલ્યુ.ડીના ચાલુ એસ.ઓ.આર.મુજબ અથવા તે સમયના બજાર ભાવો તથા કોન્ટ્રાકટરે આપેલ રેઈટ એનાલીસીસ અને કોન્ટ્રાકટરમાં આવતી તે જાતની આઈટમના ભાવ ઉપર નકકી કરવામાં આવશે. આવી એકસ્ટ્રા આઈટમ ના કામોના નગરપાલિકાએ નકકી કરેલા ભાવ આખરી અને બંને પાર્ટીને બંધનકર્તા રહેશે.

(બ) જયારે કોઈપણ કામનો ભાગ સરખી રીતે માપી ન શકાય કે તેની કિંમત અંદાજી ન શકાય ત્યારે કોન્ટ્રાકટરને તેનું રેઈટ એનાલીસીસ મુજબની ઉચક કિંમત નગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે.

**(૮) સલામતીની વ્યવસ્થાઃ**

કોન્ટ્રાકટરે કામ સંતોષકારક રીતે પૂર્ણ થાય ત્યાં સુધી બધા માણસો માલસામાન અને પ્રોપર્ટીની સલામતી અને રક્ષણ માટેની જરૂરી અને પુરતી વ્યવસ્થા અને ગોઠવણી કરવી પડશે.કોઈપણ કામ માટે નરગપાલિકાએ સોપેલ માલની લેખીત પહોચ આપી તેની જાળવણી અને વ્યવસ્થિત ઉપયોગ કરી વધેલ માલની પાછી સોંપણી કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

**(૯) વીમોઃ**

(અ) ચાલુ કામ દરમ્યાન અનેકકામ સંપૂર્ણ પુરૂ થાય ત્યા સુધી નગરપાલિકાએ સોપેલ માલ અને નગરપાલિકાએ પેમેન્ટ કરેલ કોન્ટ્રાટકરના માલને કોઈપણ કારણોને લીધે થતા નુકશાન કે ધટતી જવાબદારી સંપૂર્ણ પણે કોન્ટ્રાકટરની રહેશે.આ કામ પુરૂ થાય માટે ત્યા સુધીના માલસામાન કામના જોખમે તથા આજુબાજુ ની મિલકતને થાય તેવા નુકશાન માટે નગરપાલિકા સુચવે તેવો વિમો કોન્ટ્રાકટરે લેવો પડશે.આવી વિગતની પોલીસી કોઈપણ નેશનલાઈઝડ ઈન્સ્પોરન્સ કંપની માંથી નગરપાલિકા ની ફેવરમાં કુલ સમય મર્યાદા તથા ટાઈમ લીમીટનો વધારો કે કામ મોડુ પુરૂ થાય ત્યાં સુધી સમયની લેવાની રહેશે. તેનું તમામ પ્રિમીયમ કોન્ટ્રાકટરે ભોગવવાનું રહેશે.

(બ) આ ઉપરાંત કોન્ટ્રાકટર ચાલુ કામ દરમ્યાન કામ કરતા પોતાના માણસો તથા નગરપાલિકાના કોઈપણ પ્રતિનીધીઓ માટે વર્કમેન કોમ્પનશેબલ ઈન્સયોરન્સ કામ પુરૂ થાય ત્યા સુધીના સમય માટે લેવાનો રહેશે.

**(૧૦) ચોકીદારઃ**

કોન્ટ્રાકટરે પોતાના સ્વખર્ચ સાઈટ ઉપર તમામ માલ સામાનની સલામતી જાળવણી કરી શકે તેવા ચોકીદારની વ્યવસ્થા કરવાની રહેશે. આવી વ્યવસ્થા માલ સામાન તેમજ મજુરોની સલામતી તેમ માલ સામાનની હેરફેર તથા સ્ટોરેજને કન્ટ્રોલ કરી શકે તેવી પુરતી રાખવાની રહેશે.

**(૧૧) સટીંગ આઉટઃ**

કોન્ટ્રાકટરે પોતે ઉપરથી કામને સેટ આઉટ કરવાનો રહેશે. અન. સાચા અને ચોકકસ સેટીંગ આઉટ ઉપરાંત દરેક બિલ્ડીંગની પોઝીશીન લેવલ માપ સાઈઝ તથા એલાઈમેન્ટ ની ચોકકસાઈની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.નગરપાલિકાના એન્જીનિયરે યોગ્ય લાગે ત્યાં સુધી કોન્ટ્રાકટે પોતાના સ્વખર્ચ આવી ભુલ સુધારવાની રહેશે.

**(૧૨) બ્રાન્ડ (મેઈક):**

જયા જયા કોઈ કામ માટે નગરપાલિકાના એન્જીનિયર કોઈ મટીરીયલ્સ માટે કોઈ ચોકકસ બ્રાન્ડ કે મેઈક દર્શાવેલ હોય ત્યાં કોન્ટ્રાકટરે તેજ વસ્તુ વાપરવાની રહેશે. અને આવી પૂર્વ મંજુરી આ ફેરફાર માટેના કોન્ટ્રાકટરે રજુ કરેલા બધા કારણો લક્ષમાં રાખીને આપવામાં આવશે.

(૧૩) ઝાડ પાનઃ

નગરપાલિકાએ દર્શાવેલ ઝાડ કે વનસ્પતિને ચાલુ કામ દરમ્યાન નુકશાન ન થાય તે રીતે જાળવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આવા ઝાડ થી ત્રણ ફુટ ત્રિજયાની અંદર લેવલ બદલાવી શકાશે નહી જરૂર જણાય ત્યાં આવી જગ્યાએ કોન્ટ્રાકટરને પોતાના ખર્ચ કામ ચલાઉ ફેન્સીંગની વ્યવસ્થા કરી આપવી પડશે.

(૧૪) ખોદેલી વસ્તુઓઃ

સાઈડ ઉપર પડેલા અથવા તો ચાલુ કામ દરમ્યાન ખોદકામમાં મળી આવેલ કોઈપણ ધાતું અવશેષ કે કિંમતી વસ્તેઓ જાળવીને બહાર કાઢીને તુરતજ સાચવી રાખીને જેતે સ્થિતીમાં જ સારૂ કર્યા વિના નગરપાલિકાને સોંપી દેવાની રહેશે.

(૧૫) નકકી આઈટમ રેઈટ :

આ કોન્ટ્રાકટરમાં આવતી તમામ આઈટમ નકકી કરેલ અને બંને પાર્ટીઓએ સ્વીકારેલ ભાવે કામ પુરૂ થાય ત્યાં સુધી કાયમ રહેશે. તેમજ ભાવ વધારો કે બીજા કોઈપણ કારણોસર કોઈપણ જાતનો ફેરફાર આ ભાવોમાં કરી શકાશે નહી બેઝીક રેઈટના ભાવ ફેર તથા એકસ્ટ્રા આઈટમ કામમાં નગરપાલિકા દ્વારા નકકી કરાવેલ ભાવ ફાઈનલ ગણાશે.

(૧૬) પર્ટ–સી.પી.એમ.પ્લાનીંગઃ

કોન્ટ્રાકટરે વર્ક ઓડર મળ્યાથી ૧૫ દિવસની અંદર પર્ટ–સી.પી.એમ ચાર્ટ તૈયાર કરી કામ ચાલુ કરવાની તથા પુરૂ કરવાની સંભવીત તારીખો સાથે કામના જુદા જુદા સ્તરોમાં બધી એકટીવીટી માટે નગરપાલિકાના એન્જીનીયર પાસે મંજુર કરેલ પ્રોગ્રામ મુજબજ કામ કરવાનું રહેશે.

(૧૭) મશીનરી–સાધનો :

કામ સારી રીતે ચાલુ કરીને પુરૂ થઈ શકે તે માટે કોન્ટ્રાકટરે બધી જાતના જરૂરી અને અપુરતા સાધનો જેવા કે હોટ–મીક્ષીંગ પ્લાન્ટ પેવર મશીનરી રોડ રોલર તથા બાંધકામ તથા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કામો માટે જોઈતા જરૂરી સાધનો યંત્રો તથા હથીયારો ઓજારો વિગેરે રાખવા પડશે.

(૧૮) સાઈટ ચોખ્ખી રાખવાબાબત :

સાઈટની જગ્યા તથા મજુરોના રહેણાક તથા એમની કામ કરવાની જગ્યા સારી સ્થિતીમાં રાખવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.સાઈડ પરની બધી અડચણો પથ્થરો તથા અન્ય મટીરીયલ્સ કચરો કે ઘાસપાન વિગેરે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચ દુરકરી સાઈડ ચોખ્ખી કરવાની રહેશે.કામ પૂરૂ થયે સાઈટ પરના ખાડા કે પથ્થરો કાઢવાથી ખાડાઓ મુરમ થી પુરી બરોબર રોલીંગ કરી સાઈડ ચોખ્ખી કરાવવા માટેકોન્ટ્રાકટરને કોઈપણ જાતનું વધારાનું પેમેન્ટ કરવામાં આવશે નહી.

(૧૯) સાઈટ એન્જીનીયરઃ

ચાલુ કામ દરમ્યાન કોન્ટ્રાકટર આખા દિવસના સમય માટે નગરપાલિકા મંજુર કરે તો અનુભવી અને લાયકાત ધરાવતો એન્જીનીયર રાખવાનો રહેશે. અને પ્રોજેકટ સાઈટ પર જયારે માણસો કામ કરતા હોય ત્યારે તેની પુરી હાજરી રાખવી પડશે. કોન્ટ્રાકટરે રાખેલ આવા એન્જીનીયરે નગરપાલિકા એન્જીનીયરે આપેલ કોઈપણ સુચના સમજુતી દોરવવી કે નોટીસ એ કોન્ટ્રાકટરે આપ્યા બરાબર ગણાશે.

(૨૦) માણસો છુટા કરવા :

નગરપાલિકાના એન્જીનીયરની સુચના થી કોન્ટ્રાકટરે પોતાના કામ ઉપર રાખેલ કોઈપણ માણસો કે જે તેમની દ્રષ્ટીએ ગેરલાયક કે ગેરવર્તૂણુક કરતો અભ્યાસ લાગશે. અને નગરપાલિકાના એન્જીનીયરે ની લેખિત મંજુરી વિના આવા છુટા કરેલ માણસને ફરીથી કામે રાખી શકાશે નહી.

(૨૧) પેટા કોન્ટ્રાકટર :

આ કોન્ટ્રાકટરમાં આવતું તમામ કામ કોન્ટ્રાકટરે પોતેજ કરવાનું રહેશે. અને ન.પાની મંજુરી વિના આ કોન્ટ્રાકટરનું તમામ કામ તે તેનો અમુક ભાગ સીધી કે આડકતરી રીતે બીજા કોઈપણ કોન્ટ્રાકટરને ટ્રાન્સફરકે પેટા કોન્ટ્રાકટર કે કમીશન

થી આપી શકશે નહી.અને આવી મંજુરી છતાય ચાલુ કામ દરમ્યાન કે ગેરંટી દરમ્યાન કે કોન્ટ્રાકટરની અંદર આવતી તમામ અને સંપૂર્ણ જવાબદારી મેઈન કોન્ટ્રાકટરની રહેશે.

**(૨૨) બાયલોઝ ધારાધોરણ :**

આ કામને લાગુ પડતા ધારાધારણી તમામ જોગવાઈઓ કોન્ટ્રાકટરે પુરી કરવાની રહેશે. અને રસ્તા,પાણી,લાઈટ, અથવા અન્ય વસ્તુ માટેના નિયમો તથા બાયલોઝનું સંપૂર્ણ પણે પાલન કરવાનું રહેશે. સદરહું કામમાં મંજુર થયેલ એજન્સીને ગુજરાત નાગરીક પુરવઠા વિભાગમાંથી સિમેન્ટ મેળવવા માટે નગરપાલિકાએ જરૂરી મંજુરી આપીને દરખાસ્ત કરી આપવાની રહેશે. જે માટે સદરહું કામવાઈઝ એજન્સી પાસેથી સીમેન્ટ વપરાશ માટેના જથ્થાની ગણતરી મેળવી ન.પાના એન્જીનીયર પાસે એપ્રુવ્ડ કરાવી ત્યારબાદ આ કાર્યવાહી કરી આપવાની રહેશે.

**(૨૩) વધારાનો માલસામાન :**

કામ સંપૂર્ણરીતે પુરૂ થયા પછી વધારાનો માલસામાન નગરપાલિકાની મંજુરી પછી કોન્ટ્રાકટરને સાઈડ પરથી લઈ જવા દેવામાં આવશે.

**(૨૪) પેમેન્ટ હકો :**

કોન્ટ્રાકટરે સપ્લાય કરેલ માલ કેકોન્ટ્રાકટરે કલઈપણ કામને કારણે ઉભા થતા પેમેનટ હકો રોયલ્ટી,લાયસન્સ ફી,નુકશાન,ખર્ચ કે વળતરના દાવાઓની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની પોતાની રહેશે. કામ માટે વપરાશમાં આવતો માલસામાન સિમેન્ટ, કપચી, મેટલ, મોરમ, રેતી, લોખંડ, હાથફોડ, મેટલ, ઈંટ, આર.સી.સી.એન.પી–૨ કલાસપાઈપ એસ્ફાલટની રોયલ્ટી, ફી,તથા અન્ય તમામ જાતના સરકારી ટેક્ષ વિગેરે કોન્ટ્રાકટરે ભરવાના રહેશે.

**(૨૫) સાઈટ મીટીંગ :**

કામની વ્યવસ્તીથ પ્રોગ્રેસ કે કામ દરમ્યાન ઉભા થયેલ પ્રશ્નોની વિચારણા માટે અથવાતો કામના સંકલન માટે ન.પાના એન્જીનીયરે બોલાવેલ સમયે વખતો વખતની સાઈડ મીટીંગમાં હાજર રહેવું પડશે.

**(૨૬) બાળ મજુરો :**

કોન્ટ્રાકટરે ૧૮ વર્ષથી નીચે ના બાળ મજુરોને કામ પર રાખવા નહી. જો સ્ત્રી મજુરો,કામ ઉપર હોય તો કોન્ટ્રાકટરે નાના બાળકોના રક્ષણ તથા કામના સ્થળથી તેમને દુર રાખવાની તમામ વ્યવસ્થા કરવાની રહેશે. નગરપાલિકાને લેખિત મંજુરી સિવાય કોન્ટ્રાકટરના માન્ય ચોકીદાર સિવાય બીજા કોઈપણ મજુરો ને કંમ્પાઉન્ડમાં રહેવા દેવામાં આવશે નહી.

**(૨૭) માલસામાન નો બગાડ :**

જયારે પણ કોન્ટ્રાકટરને ન.પા દ્વારા કોઈપણ મટીરીયલ્સ વાપરવા દેવામાં આવે જેવા કે લોખંડ, સિમેન્ટ,ત્યારેકોન્ટ્રાકટરને ડ્રોઈંગ તથા સ્પેશીફીકેશન ઉપર થી ગણત્રી કરેલ જથ્થા પરથી ૫% વેસ્ટેજ ગણીને વાપરવામાં દેવામાં આવશે.અથવા તો તે આઈટમના ટેન્ડર ભાવ મુજબની રકમ બે માંથી જે વધુ હશે તે વસુલ કરાશે.

**(૨૮) ઈન્સ્પેકશન :**

કોન્ટ્રાકટરમાં આવતું કોઈપણ જાતનું ચાલુ કામ અથવા થઈ ગયેલુ કામ કોઈપણ સમયે ન.પા ના એન્જીનીયર તપાસી શકશે તે રીતે ખુલ્લું રાખવું પડશે.આવી દરેક વીઝીટ વખતેકોન્ટ્રાકટરે તપાસ થઈ શકે અને માપ સાઈઝ લઈ શકાય તે માટે જરૂરી તમામ વય્વસ્થા અને માણસોની મદદ કરવી પડશે.

**(૨૯) અન્ય કોન્ટ્રાકટરો :**

આ કોન્ટ્રાકટરનું કોઈપણ કામ આપવુ અથવાતો થઈ ગયેલુ કામ કે બીજા આઈટમોનુ કામ કરવા માટે અન્ય કોન્ટ્રાકટર રાખવાનો ન.પાનો અબાધીત હકક રહેશે. કોન્ટ્રાકટરે આવા બીજા કોન્ટ્રાકટરે ને કામ શરૂ કરવાથી પુરૂ કરવા સુધી સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

**(૩૦) કામનો વિલંબ :**

ન.પાને કોન્ટ્રાકટમાં આવતું કોઈપણ કામ અથવાતો તેનો કોઈભાગ વિલંબ કરવાની સુચના આપવાનો અધિકાર રહેશે. જો

આવો વિલંબ કોન્ટ્રાકટરના કોઈપણ જાતના વાક વગર કરવામાં આવશે. તો ન.પા ના નિર્ણય મુજબના સમય મર્યાદામાં વધારો કરી આપવામાં આવશે.

**(૩૧) ક્ષતિ વાળા કામોનો નિકાલ :**

જો ન.પાના એન્જીનીયરને કોઈ કામ અથવા તેનો ભાગ સ્પેશીફીકેશન મુજબના મટીરીયલ્સથી ન થયેલો અથવાતો બરાબર કારીગરી વાળો જણાશે તો સમયે સમયે લેખિત  હુકમ આપીને હુકમમાં દર્શાવેલ સમય મયાર્દામાં આવુ કામ કઢાવી નાખવાનો અધિકાર રહેશે.તો ન.પાના એન્જીનીયર  આ કામ દુર કરી નવુ કામ કરાવવા માટે બીજા માણસો અથવા સબ કોન્ટ્રાકટ આપવાનો અધિકાર રહેશે. આ કામ પાછળ થતો ખર્ચ ન.પા પાસે કોન્ટ્રાકટરની જમા પડેલ રકમ,જમા થવાની રકમમાંથી ચુકવી આપશે.

**(૩૨) પેમેન્ટ અટકાવવું:**

ધીમી ગતીએ ચાલતુ કામ અથવાતો ખરાબ કામગીરી વાળુ કામ અથવાતો ન.પા ના એન્જીનીયરની વખતો વખતની સુચનાઓનું પાલન કોન્ટ્રાકટર ન કરે અથવા તો અનય કોઈપણ દર્શનીક કારણોને લઈને ન.પા કોન્ટ્રાકટરને કરવાનું પેમેન્ટ અટકાવી શકશે.આ કોન્ટ્રાકટરને લગતા કોઈકામ બાબતે તે કોન્ટ્રાકટરે કરવાની વસ્તુ કરવાથી કે કરવાનું મોફુક રાખવા થી ન.પા વિરુધ્ધ  થયેલ કોઈપણ દાવા,કેસ,માંગણી કે પગલાની અથવાતો આ કોન્ટ્રાકટરને લગતા કામો કરવાથી કે કરવાનું મોફ્ફ રાખવાથી કોન્ટ્રાકટ વિરૂધ્ધ કરેલ દાવો પગલાથી ન.પા થતા નુકશાન કે ખોટ ની જવાબદારી કોન્ટ્રાકટની રહેશે. અને ન.પા ને આવા દાવા કે કેસમાં રક્ષણ આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

**(૩૩) મોડીફીકેશન :**

આ કોન્ટ્રાકટરની કોઈપણ શરતોકે જોગવાઈ ફેરફાર કરવાની જરૂણાગતો લેખિતમાં કરવાની રહેશે એમાં બંને પાર્ટીઓએ સહી કરીને કરવાના રહેશે.કોન્ટ્રાકટર અથવા તો તેની કોઈપણ શરતો રદ કરતી કરેલ કે પુરક કોઈપણ જાતનો મોખિક કે લેખિત હુકમની જવાબદાર જયા સુધી તેમાં ન.પાની સહીન થાય ત્યાં સુધીના આવા હુકમો રદ કરી શકાશે.આવી જ રીતે ન.પાના એન્જીનીયરે લેખીત ઓર્ડર આપી આ કોન્ટ્રાકટ માટેનું કોઈપણ કામ વધારવાનો વિસ્તારવાનો ઓછુ કરાવવો કે તથા ડીઝાઈન,સાઈઝ,જથ્થો,માપ કે મટીરીયલ્સનો ઉપયોગનો ફેરફફાર કે બદલવાનો તથા કોલ વધારાનું કામ લેખિત હુકમ થી કરવનો કે કોઈ ન કરવાનો અધિકાર છે.પરંતુ કોન્ટ્રાકટરે આવા કામો કોન્ટ્રાકટ માટેનાજ ગણી કોન્ટ્રાકટની દરેક શરતો લાગુ પાડીને સ્પેશીફીકેશન મુજબ જ કરવાના રહેશે. આવા કામના વિસ્તરણ ઉમેરો સંકોચન ઘટાડો ફેરફાર સુધાર વધારાના સમયે ન.પાના એન્જીનીયરના નિર્ણય મુજબ ટેન્ડરની આઈટમોના રેઈટ ઉપરથી નવા રેઈટ નકકી કરી પેમેન્ટ કરવાનું રહેશે.

**(૩૪) કોન્ટ્રાકટ ટર્મીનેટ કરવા માટે :**

કોઈપણ સમયે જો ન.પાના એન્જીનીયરને એવુ જણાશે કે કોન્ટ્રાકટરને આપેલ કામ યોગ્ય સમયે શરૂ નથી થયુ અથવા તો કોન્ટ્રાકટરે લાવેલ માલ મટીરીયલ્સ અથવા વર્કમેન શીપ સંતોષકારક નથી તો ન.પાને આ કોન્ટ્રાકટરને આ કોન્ટ્રાકટ ૭ દિવસની લેખિત નોટીસ આપીને ટર્મીનેટ કરવાનો અધિકાર છે. કોન્ટ્રાકટરને સમગ્ર કામ પૂર્ણ થયે થવો જોઈતો નફો કે લાભ કે આવુ કામ ન કરવાથી ન થયુ તે બાબત નું કોઈપણ જાતનું વળતર કે ચુકવણું આપવામાં આવશે નહી છતા તેકોન્ટ્રાકટરે કરેલા ખરેખર કામના માપ મુજબ નકકી કરેલ ભાવ પ્રમાણેનું પેમેન્ટ કરી આપવામાં આવશે.

**(૩૫) લવાદી :**

આ કોન્ટ્રાકટમાં આવરી લેવાયેલ ટેનડરની શરતો અથવા તો કરાયેલ સુધારા વધારા કે ફેરફાર માટે અથવાતો કોઈપણ બાબતે ઉભા થયેલ પ્રશ્નો વાધાઓ કે મતભેદો ન.પા દ્વારા નકકી કરેલ કોઈપણ વ્યકિત નો લવાદી દ્વારા નિકાલ કરવાનો રહેશે આ લવાદી ઈન્ડીયન આર્બીટેશન એકટ ૧૯૪૦ પ્રમાણે આર્કીટેકટ સુચવે તે સ્થળે આવા લવાદનો ચુકાદો આ કોન્ટ્રાકટરની બંને પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

**(૩૬) જયુરીડીકશનઃ**

ન.પાની હેડ ઓફીસ જે શહેરમાં હોય તે સ્થળે આ કોન્ટ્રાકટર થયેલ ગણાશે અને તે શહેરની કોર્ટમાં જ  બંને પાર્ટી વચ્ચેના વાંધા કે તકરારનો નિકાલ કરવાનો રહેશે.

**કોન્ટ્રાકટર ની સહી અને સિકકા** | **ચીફ ઓફિસર**

.......................... ...... | **નગરપાલિકા નખત્રાણા**

# <u>નખત્રાણા</u> નગરપાલિકા– <u>નખત્રાણા</u>

## :::: કોન્ટ્રાકટરની ખાસ શરતો ::::

(૧) તમામ કામગીરી માર્ગ અને મકાન વિભાગ તથા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ના જનરલ ટેકનીકલ સ્પેીફીકેશન મુજબ કરવા ની રહેશે.

(૨) સદરહુ કામમાં એસ.બી.સી એજન્સી ને પોતા ના ખર્ચે કરવવાની રહેશે તેમજ એસ.બી.સી ને અનુરૂપ મીકસ ડીઝાઈન અજન્સીએ પોતાના ખર્ચે તૈયાર કરાવી નગર પાલિકાના માન્ય કન્સલટન્ટ ઈજનેર પાસે મંજુર કરાવવા ની રહેશે.તેમજ કામમા વાપરવા ના થતા મટેરીયલ તેમજ કયુબ ના ટેસ્ટીંગ નિયમોનુસાર 'ગેરી'અથવા સરકાર માન્ય લેબોરેટરી મા એજન્સીએ પોતા ના ખર્ચે ટેસ્ટીગ કરાવી રીપોર્ટ ૨૦ ટકા મુજબ ના ગેરી ના અને ૮૦ ટકા મુજબ ના સરકાર માન્ય લેબોરેટરી ના રજુ કરવા ના રહેશે.

(૩) કામ ના થતા બિલ માથી પ્રવર્તમાન દર મુજબ ઈન્કમટેક્ષ કપાત કરવા મા આવશે.તથા ૨.૫ ટકા મુજબ સિકયોરેટી ડીપોઝીટ તથા ૧ ટકા મુજબ લેબર શેશ કપાત કરવા મા આવશે.કામ મંજુર થયેલ દિન–૧૦ મા ૨.૫ ટકા મુજબ ડીપોઝીટ ભરવાની રહેશ. ભરેલ તથા કપાત કરેલ કુલ ૫.૦૦ ટકા સિકયુરીટી ડીપોઝીટ કામ પુર્ણ કમ્પલીશન સર્ટીફિકેટ મળયે થી ૬ માસ સુધી નખત્રાણા નગર પાલિકા મા જમા રાખવા મા આવશે.તેમજ M.G.P કપાત કરેલ ૫ ટકા ડીપોઝીટ કામ પુર્ણ થયે થી ત્રણ સુધી નખત્રાણા નગર પાલિકા મા જમા રાખવા મા આવશે.

(૪) આ કામ માટે એજન્સી દ્વારા સિકયુરીટી ડીપોઝીટ પેટે જો એફ.ડી.આર નેશનલાઈઝ બેક ની રજુ કરવા માં આવે તો કરાર આ કામ ની અંદાજીત રકમ ના ૫ ટકા મુજબ આવતી રકમ ના ૪.૯૦ ટકા મુજબ સ્ટેમ્પ પેપર વાપરવા નારહેશે.જયારે એજન્સી દ્વારા સિકયુરીટી ડીપોઝીટ પેટે બેક ગેરંટી સરકાર માન્ય બેંક ની રજુ કરવા માં આવશેતો કરાર રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવાનાં રહેશે.

(૫) ખોદાણકામ દરમ્યાન ટેલીફોન ના કેબલ તેમજ નગરપાલીકા ની પાઈપલાઈન કે અન્ય કોઈપણ ઈસમો ની નુકશાની ઈજારદારે સ્વખર્ચે ભોગવવા ની રહેશે.અને તે અગેં ના લીગલ બાબત ની જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે.

(૬) આ કામ કરતા કોઈપણ મજુર,કારીગર, સુપર વાઈઝર કે અન્ય વ્યકિતને ઈજા થાય અથવાતો મુત્યુ પામે તો તેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે. આ અગેંની અકસ્માત વીમા પોલીસી લેવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે.

(૭) સદર કામ મા તમામ મટેરીયલ આઈ.એસ.આઈ બ્રાન્ડ નુ વાપરવા નું રહેશે.

(૮) આ કામ માં તમામ પ્રકાર નુ કયોરીંગ એજન્સી એ કરી આપવાનું રહેશે.

(૯) સિમેન્ટ ૫૩ ગ્રેડ( ઓપીસી) ફરજીયાત રહેશે

(૧૦) આર.એમ.સી પ્લાન્ટ/ફ્લોરી મશીનરી માટે એજન્સી પાસે પોતાની ગાડી માલિકીનીઅથવા રેન્ટ અગ્રીમેન્ટ હોવાના આધાર પુરા આપવાના રહેશે. આ.એમ.સી.પ્લાન્ટ /ફલોરી મશીન સાથે એમ.ઓ.યુ.કરવાનું રહેશે. અને એજન્સી એ આર.એમ.સી.પ્લાન્ટ નખત્રાણા નગરપાલિકાના હદ વિસ્તારમાં નાખવાનો રહેશે.

(૧૧) સદર કામમાં તમામ સી.સી તેમજ પી.સી .સી માં રેતી સાફ અને માટી રહિત વાપરવાની રહેશે.

(૧૨) સદર કામમાં ૪૦ એમએમ અને ૨૦ એમએમ કપચી ફકત સ્પેસીફીકેશન મુજબ ની વાપરવાની રહેશે.

(૧૩) સીમેન્ટ રજીસ્ટર અલગ થી નિભાવવાના રહેશે તથા પ્રત્યક રનીંગ બીલ સાથે સીમેન્ટના પાકા બીલો રજુ કરવાના રહેશે.

(૧૪) નખત્રાણા નગરપાલિકા ની સુચના મુજબની સીમેન્ટ બેગ વપરાશ કરવાની રહેશે. આ બાબતે કોઈ તકરાર કરવાની રહેશે નહી.

(૧૫) સીમેન્ટ વપરાશની આઈટમની બાબતમાં ઓછામાં ઓછું ૨૮ દિવસ વોટર કયુરીંગ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૧૬ ) આ કામગીરીમાં ખોદાણ દરમ્યાન હયાત ભુર્ગભ ગટર પાઈપ લાઈન,મેનહોલ ચેમ્બર,હાઉસ કનેકશન,ચેમ્બર ગટરની હાઉસ કનેકશનની પાઈપ પાણીની હાઉ કનેકશનની પાઈપ લાઈન ઈલેકટ્રીક લાઈન,ટેલીફોન લાઈન વગેરે નુકશાન કે નાશ થાય તે સમગ્ર કામગીરી એજન્સીએ માલ–સામાન તથા મજુરી સહિત રીપેરીંગ કરી આપવાનું રહેશે.

(૧૭) કામગીરી દરમ્યાન બંને બાજુ હયાત ઓટા કે અન્ય પાકા બાંધકામ તોડવાના થાય તો તેના ભાવ એજન્સી દ્વારા ભરેલ શેડયુલ–બીમાં બોકસ કટીંગની આઈટમ મુજબ ચુકવવામાં આવશે.જેની ખાસ નોંધ લેવછાની રહેશે.અને આ વિગતે ધ્યાને લઈ એજન્સીએ ભાવ ભરવાના રહેશે.

(૧૮) સદર કામમાં મંજુર થયેલ ટેન્ડરની કિંમત મુજબ ડીપોઝીટ ભરીને એગ્રીમેન્ટ કરવામાં આવશે.પરંતુ ગ્રાંટની ઉપલ્બધતા મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવશે. ગ્રાંટની ઉપલ્બધતા મુજબ હોય તેથી નગરપાલિકા તરફ થી જે નિર્ણય કરવામાં આવશે એજન્સી (કોન્ટ્રાકટરશ્રી) તે માન્ય રાખવાનો રહેશે.

(૧૯) કામગીરીના રનીંગબીલ/ફાઈનલ બીલના મેઝરમેન્ટ સાથેના એબસ્ટ્રેક શીટ સાથેના બીલ તૈયાર કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. અને તેની ચકાસણી નખત્રાણા ન.પા કરી શકશે. પરંતુ માપ અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૦) દરેક રનીંગબીલ/ફાઈનલ બીલના માપો કોન્ટ્રાકટરશ્રી એ નખત્રાણા ન.પામાં રજુ કરવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ પણ જાણકારી ધરાવાતા હોવા જોઈએ.કે.ખોટા માપો સબમીટ કરવા અને તેના બીલ નખત્રાણા ન.પામાંથી લેવા ચુકવવા તે એક પ્રકારની આર્થીક ઉચાપત ગણાશે તે બદલ ફોજદારી ધારા હેઠળ અંગેની ફરીયાદ કોન્ટ્રાકટરશ્રી પર કરવામાં આવે તો તે સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૧) તમામ કામગીરી નખત્રાણા ન.પાના અધિકૃત સુપરવાઈઝર/કન્સલટન્ટશ્રીના અધિકૃત સુપરવાઈઝરશ્રીના અથવા પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટસીના અધિકૃત સુપરવાઈઝરશ્રી/એન્જીનીયરશ્રીની હાજરીમાં જ તમામ કામગીર કરવાની રહેશે.સુપરવીઝન/સુપરવાઈઝર વગર કરેલ કામનું પેમેન્ટ ચુકવવા પાત્ર થશે નહી.

(૨૨) ન.પાના પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટસીના અધિકૃત સુપરવાઈઝરશ્રી/એન્જીનીયરશ્રીને સાઈટ પર એ મુજબ જણાય કે માલ–સામાનમાં સ્પેશીફીકેશન વિરુધ્ધ કઈક થઈ રહેલ છે. તે સંજોગો માં ચાલુ કામ તાત્કાલીક અસર થી સ્ટોપ/બંધ કરાવી શકાશે. આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

(૨૩) કામ પૂર્ણ થયા બાદ ભવિષ્યમાં પૂર્ણ થયેલ કામ બાબતે આર્થિક બાબતે આર્થિક રકમની રીકવરીના પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. અને આર્થિક રકમની હેવન્યુ રાહે નખત્રાણા ન.પા વસુલી શકશે.

(૨૪) કોઈપણ કામના ફાઈનલ બીલ સાથે કામ દીઠ એકસેસ સેવીંગ સ્ટેટમેન્ટ બીનચુક તૈયાર કરવાના રહેશે. વધારા–ઘટાડાના ખર્ચના અહેવાલ સક્ષમ ઓથોરીટી મંજુર કરવામાં આવ્યા ફાઈનલ બીલના પેમેન્ટ ચુકવવમાં આવશે

(૨૫) કોઈપણ ગ્રાન્ટ/અનુદાન હેઠળના કામોના બીલ ગ્રાંટ/અનુદાનની રકમની મર્યાદામાંજ ચુકવવામાં આવશે.વધારાના ખર્ચ સક્ષમ ઓથોરીટી મંજુર કરવામાં આવ્યા ફાઈનલ બીલના પેમેન્ટ ચુકવવમાં આવશે.

(૨૬) જો નખત્રાણા ન.પા તરફથી પાણી આપવામાં આવે તો પાણીની વપરાશની આઈટમની કિંમતના ૧%મુજબ વોટર ચાર્જ કપાત કરવામાં આવશે.

(૨૭) રસ્તાની કામગીરીની દરેક સાઈટ પર નિયત લખાણ સાથેના,વિયતો સાથેના બોર્ડ સાઈટ પર મુકવાના રહેશે. સાઈટ પર સલામતી સુચક બોર્ડ,નિયત રીબીન,અન્ય આડસ મુકવા વિગેરે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૮) રસ્તાના કામ દરમ્યાન બાયપાસ રસ્તા અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૯) ચાલુ કામ દરમ્યાન ફોટોગ્રાફસ લેવાના રહેશે. અને સિમેન્ટ બેગ વપરાશના ફોટોગ્રાફસ ખાસ અલગથી રજુ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૦) **સ્પેશ્યલ શરત :** ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી તરફથી **૧લી જુલાઈ–૨૦૧૭**થી તમામ પ્રકારના વેપાર ધંધા/સર્વિસ સેકટર કોન્ટ્રાકટરશ્રી ઉપર ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષનું (GST) ભારણ નાખેલ છે. જેમાં ગુજરાત સરકાર નાણા વિભાગ પરિપત્ર ક્રમાંક જી.એસ.ટી/૧૦૧૭/૧૦૯૭/જી.એસ.ટી સેલ સચિવાલય ગાંધીનગર તારીખ ૧૫/૦૯/૨૦૧૮ ના પરીપત્ર મુજબ **૧ ઓકટોમ્બર ૨૦૧૮** થી ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરશ્રીના કામમાં કપાત કરવામાં આવેલ હોય જેથી ન.પા દ્વારા કોન્ટ્રાકટરશ્રી ના કામના બનતા રનીંગ/ફાઈનલ માંથી ૨.૦૦%મુજબની રકમ કપાત કરવામાં આવશે.આ અંગેનું પાલન કોન્ટ્રાકટરશ્રીએ અથવા અથવા તેના વંશ–વારસોને કબુલ મંજુર,બંધનકર્તા રહેશે. અમારૂ ઉપરોકત વિગતવાળું કામ પૂર્ણ થાય,ફાઈનલ બીલ,સીકયોરીટી ડીપોઝીટ રીલીઝ થઈ જાય ત્યારબાદ પણ ભવિષ્યમાં આ પ્રકારના અથવા સરકારશ્રી સુચવે તે મુજબના ટેક્ષભરવાના સંજોગોમાં અમારે કામ રાખનાર સંસ્થા સુચવે તે સરકારશ્રીના વિભાગમાં આ પ્રકારના કરવેરા ભરવા અંગેની સઘળી જવાબદારી આ કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રી ની રહેશે.

(૩૧) એમ્પલોયમેન્ટ પ્રોવીન્ડ ફંડ એકટ હેઠળ કોન્ટ્રાકટ કામમાં રોકાયલા કર્મીઓના માસીક ધોરણેએમ્પલોયમેન્ટ પ્રોવીન્ડ ફંડ નીયમીત પણે ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. કોન્ટ્રાકટરશ્રીને જે રકમના કોન્ટ્રાકટ નખત્રાણા ન.પા તરફથી સોપવામાં આવેલ હોય તેના અંદાજીત ૨૦% થી ૩૦% લેબર ખર્ચ મુજબ ગણતરી કરવામાં આવશે.લેબર ખર્ચના ૧૨%ઈપીએફ ભરવાની જવાબદારી જેતે કર્મીની રહે છે.તથા ચલણની સાથો સાથ કર્મીઓના હાજરીપત્રકની ખરી નકલ,પેમેન્ટ ચુકવાની કેશબુક–ચેક નંબર,વાઉચર,બેલેન્સ સીટ ફોર્મ નં–૨૬ તથા ફોર્મ નં–૨૬ (સી)(ટીડીએસ) રજુ કરવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ આ અંગેની તમામ ડોકયુમેન્ટસ દરેક રનીંગબીલ/ફાઈનલબીલ સાથે જોડવાના રહેશે.અને ત્યારબાદ કોન્ટ્રાકટરશ્રીના પેમેન્ટ ચુકવવામાં આવશે. તથા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો–પરીપત્રોના ચુસ્ત પણેકોન્ટ્રાકટરશ્રીએ પાલન કરવાના રહેશે.

(૩૨) સદરહું કામમાં ફાઈનલ બીલ બનાવતા પહેલા જરૂરી રોયલ્ટી માટે ખાણ ખણીજ વિભાગનું ના વાધા પ્રમાણપત્ર, સિમેન્ટના પાકા બીલો,તેમજ માલ–સામાન,અને કયુબ ટેસ્ટીંગ માટેના એજન્સીએ જે ગર્વમેન્ટ માન્ય લેબોરેટરીમાં પરીક્ષણ કરાવેલ હોય તે લેબોરેટરીને ફી ચુકવેલ હોય તે ફીના બિલના ૧% મુજબ ટેન્ડરની અંદાજીત રકમના રજુ કરવાના રહેશે.

(૩૩) સદરહું ટેન્ડર ભરનાર એજન્સી પાસે જી.એસ.ટી અને પી.એફ.ભરવાની જવાબદારી એજન્સીની રહેશે.સંબંધીત કચેરી દ્વારા આ બાબતે કોઈ પશ્ન ઉપસ્તીથ થશે તો જવાબદારી સબંધીત એજન્સીની રહશે.

(૩૪) સદરહું કામમાં એજન્સીએ કામ શરૂ કર્યા પહેલા હયાતસ્થળ સ્તિીથી ના ફોટોગ્રાફસ અને કામ પૂર્ણ થયા બાદના ફોટોગ્રાફસ રનીંગ/ફાઈનલ બીલ રજુ કરતી વખતે હાર્ડ કોપી અને સોફટ કોપી કોન્ટ્રાકટરશ્રીએ પાંચ નકલમાં નખત્રાણા ન.પામાં સબમીટ કરવાના રહેશે.

(૩૫) નખત્રાણા ન.પામાં કોન્ટ્રાકટરશ્રીને સોપવામાં આવેલ કામગીર ના અમલીકરણ દરમ્યાન, સ્થળ સંજોગો કામની જરૂરીયાત મુજબ અંદાજીતમાં ન હોય તેવી કોઈપણ આઈટમના અમલીકરણના સંજોગોમાં ન.પાના ચીફ ઓફિસર/પ્રમુખ/કરોબારીના ઠરાવ/સામાન્ય સભાના ઠરાવ સાથે મંજુરી મેળવી લીધા બાદ લેખીતમાં પત્ર મળ્યાબાદ આ એકષ્ટ્રા/વધારાની આઈટમના અમલીકરણ કરવાના રહેશે અને તેના પેમેન્ટ ફાઈનલ બીલમાં રીલીઝ કરવામાં આવશે.

(૩૬) નખત્રાણા ન.પા માં સ્થળ–સ્થિતી સંજોગોમાં કામની જરૂરીયાત તથા લોક માંગણી /સદસ્યશ્રીઓની માંગણી મુજબ કામના અંદાજીત ખર્ચમાં અંદાજીત રકમના ૧૦% રકમ સુધીનો વધારો કરી શકાશે. અને જ ૧૦% વધારે કામગીરી કરાવવાના સંજોગોમાં રીવાઈઝડ અંદાજ તૈયાર કરી તાં.મંજુરી મેળવી,ન.પાના લેવલ/અક્ષમ લેવલે રીવાઈઝ મંજુરી મેળ્વયા બાદ તેના પત્ર રજુ થયેથી બીલ તૈયાર કરવામાં આવશે.

(૩૭) સદરહું ટેન્ડરમાં સી.સી રોડના કામમાં કવોલીટી બાબતનો પ્રશ્ન ઉપસ્તીથ થશે કે કન્સલટન્ટ કે ન.પા ના એન્જીનીયરને જરૂર જણાશે તો તે જેતે સી.સી. કે આર.સી.સી કોન્ક્રીટ કરાવી સરકાર માન્ય લેબોરેટરીમાં જરૂરી થીકનેશ તેમજ સ્ટ્રેન્થની ચકાસણી કરવામાં આવશે. જો આ બાબતની ચકાસણી કરતા થીકનેશ તેમજ સ્ટ્રેન્થ યોગ્ય લાગશે તો જ એજન્સીનું રનીંગ/ફાઈનલ બીલ બનાવવા અને ચુકવવામાં આવશે.આ બાબતે જરૂર થી ધ્યાને રાખી એજન્સીએ ભાવો ભરવાના રહેશે. આ અંગે કોઈ વીવાદ કરવાના રહેશે નહી.

(૩૮) સદરહું ટેન્ડરમાં લીધેલ તમામ પ્રકારના કામોમાં સરકારશ્રીમાંથી હપ્તા પ્રમાણે ગ્રાંટ મળવાપાત્ર હોય જેથી જે હપ્તાની ગ્રાંટ ઉપલબ્ધ હશે તેજ પ્રમાણે બિલોનું ચુકવણું કરવામાં આવશે.જો સરકારશ્રી દ્વારા હપ્તા ફાળવણી માં વિલંબ થાય તો એજન્સીના થયેલ કામના રનીંગ/ફાઈનલબીલમાં ચુકવવામાં વિલંબ થાય તો તે બાબતે એજન્સીએ કોઈપણ પ્રકારનો વિવાદ કે કોર્ટ–કચેરી કે અન્ય પ્રકારની કાર્યવાહી કરી શકશે નહી.જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.

(૩૯) આ કામમાં વાપરવાનો જે માલ–સામાન બહારથી લાવવામાં આવે તેની ધોરણસરની રોયલ્ટી ભરપાઈ કરીને ત્યારબાદ તે માલ–સામાન સાઈટ ઉપર રાખવાનો રહેશે. રોયલ્ટીની રકમ ભરયાય કરેલ હોય તેવી તેની પાવતી રનીંગ/ફાઈનલબીલ દરમ્યાન કોન્ટ્રાકટરશ્રીએ રજુ કરવાની રહેશે. આમ, રોયલ્ટી ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે.

(૪૦) ઉપરોકત કામોમાં શરતી ટેન્ડર સ્વીકાર્ય રહેશે નહી.

(૪૧) સદર કામ અંગેના તમામ હક નગરપાલિકાના અબાધીત રહેશે.

(૪૨) વહીવટી મંજુરીમાં આપેલ શરતો મુજબ કરારની તેમજ ખાસ શરતો માં ફેરફાર કરવાની જરૂર જણાય તો ફેરફાર કરવાનો હકક નખત્રાણા નગરપાલિકાને રહેશે.

કોન્ટ્રાકટરની સહી                                        ચીફ ઓફિસર

નામ..............................)                                        નખત્રાણા નગરપાલિકા

This document was created with the Win2PDF “Print to PDF” printer available at

https://www.win2pdf.com

This version of Win2PDF 10 is for evaluation and non-commercial use only.
Visit https://www.win2pdf.com/trial/ for a 30 day trial license.

This page will not be added after purchasing Win2PDF.

https://www.win2pdf.com/purchase/